BUSINESS મિત્ર

કોઇપણ દેશ જે સુપ્રીમ કોર્ટના નિર્ણય સાથે રમત રમશે, તેને ખુબ જ ઉંચા ટેરિફ સાથે મળશેઃ ટ્રમ્પ

આઇટી શેરોમાં ભારે કડાકાના પગલે શેરબજારમાં તેજીને બ્રેક

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 24: ભારતીય આઇટી કંપનીઓના શેરોમાં આજે જોરદાર કડાકાના કારણે બે દિવસની તેજીને બ્રેક વાગી હતી. ભારતીય શેરબજારમાં આજે આઇટી શેરોના કડાકાના પગલે નિફ્ટીમાં ઘટાડો જોવાયો હતો. ડોનાલ્ડ ટ્રમ્પે વિદેશી દેશોને યુએસમાં નિકાસ કરેલા માલ પર ઉંચા ટેરિફની ધમકી આપ્યા પછી રોકાણકારોની ભાવના પર અસર થઇ હતી. દરમ્યાન એનએસઇ પર માસિક એફ એન્ડ ઓ કોન્ટ્રાક્ટની સમાપ્તિએ બજારની અસ્થિરતામાં વધારો કર્યો હતો. નિફ્ટી 25450 પોઇન્ટની સપાટી તોડીને નરમ બંધ રહ્યા હતા.

વૈશ્વિક બજારોના નબળા સંકેતો અને ફેબ્રુઆરી મહિનાની એક્સપાયરીએ ભારે વેચવાલી જોવા મળી હતી, જેથી નિફ્ટીમાં આશરે 300 પોઇન્ટનો કડાકો બોલાયો હતો.

એઆઇ અને એન્થ્રોપિકની ચિંતા આઇટી શેરો પર પ્રભુત્વ ધરાવે છે. તેઓએ સતત પાંચમા દિવસે વેચાણ ચાલુ રાખ્યું આઇટી ઇન્ડેક્સ આજે પણ 5 ટકાથી વધુ ઘટ્યો છે. આઇટી બાદ રિયલ્ટી શેરોમાં સૌથી મોટી નબળાઇ જોવા મળી છે. બજારમાં રેન્ટિમેન્ટ ખરાબ છે. હમણા વેપાર કરવાનો કોઇ અર્થ નથી.

સેકટર વાઇઝ જોઇએ તો આઇટી, રિયલ્ટી અને મીડિયા શેરોમાં ઘટાડો થયો હતો, જ્યારે મેટલ, ઓઇલ એન્ડ ગેસ અને ફાર્મા શેરોમાં તેજી જોવા મળી હતી.

બીએસઇ સેન્સેક્સ 1068.75 પોઇન્ટ એટલે કે 1.28 ટકા ઘટીને 82225.92 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઇન્ટ્રાડેમાં સેન્સેક્સ 83079 પોઇન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 82000 પોઇન્ટની સપાટી તોડીને 81934 પોઇન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 288.35 પોઇન્ટ એટલે કે 1.12 ટકા ઘટીને 25424.65 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઇન્ટ્રાડેમાં 25641 પોઇન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 25327 પોઇન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 216.95 પોઇન્ટ એટલે કે 0.35 ટકા ઘટીને 61047.30 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઇ ખાતે એજીસ લોજીસ્ટીક 90.11 ગણા, જીઇ વર્નોવા 11.18 ગણા, ફાઇન ઓર્ગેનીકસ 8.57 ગણા, ફાઇન ઓર્ગેનીક 8.57 ગણા, જમ્મુ એન્ડ કાશ્મીર બેન્ક 5.9 ગણા અને એલઆઇસી હાઉસીંગ ફાઇ. 5.11 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે એજીસ લોજીસ્ટીક 58.67 ગણા, જમ્મુ એન્ડ કાશ્મીર બેન્ક 13.43 ગણા, આર આર કેબલ 5.32 ગણા, સેન્ટ્રલ બેન્ક 4.53 ગણા, ડોમ્સ ઇન્ડિયા 4.24 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં ઘટાડો જોવાયો હતો. બીએસઇ મિડકેપ ઇન્ડેક્સ 0.40 ટકા ઘટ્યો હતો અને સ્મોલકેપ ઇન્ડેક્સ 0.76 ટકા ઘટાડો જોવાયો હતો. જેના લીધે માર્કેટ બ્રેડથ નબળું રહ્યું હતું. બીએસઇ ખાતે 1455 શેરો વધ્યા હતા, જ્યારે 2766 શેરો ઘટ્યા હતા અને 163 શેરો યથાવત રહ્યા હતા. આઇટી શેરોમાં ભારે કડાકો બોલાયો હતો. જેમાં એલટીઆઇ માઇન્ડ્ટ્રી, ટેક મહિન્દ્રા, પર્સિસ્ટન્ટ સીસ્ટમ, એચસીએલ ટેકનો, કોફોર્જ, એમફાસીસ, ટીસીએસ, ઇન્ફોસીસ, ઓરેકલ ફાઇ. સર્વિસીસ સોફ્ટવેર અને વિપ્રો ઘટ્યા હતા.

વૈશ્વિક સ્તરે યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના તાજેતરના ટેરિફ પગલા પછી રોકાણકારોએ નવા વૈશ્વિક વેપાર લેન્ડસ્કેપનું મુલ્યાંકન કર્યુ હોવાથી યુરોપિયન શેરોમાં ઘટાડો થયો હતો. યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ તરફથી નવેસરથી ટેરિફની ધમકીઓ અને એઆઇ સોફ્ટવેર કંપનીઓને વિક્ષેપિત કરી શકે છે, તેવી ચિંતા હવાથી એશિયન બજારોમાં મિશ્ર વલણ જોવાયું હતું. ટ્રમ્પે સોશ્યલ મીડિયા પર પોસ્ટ કરીને વિશઅવના દેશોને ધમકી આપી હતી કે, કોઇપણ દેશ જે સુપ્રીમ કોર્ટના નિર્ણય સાથે રમત રમવા માગે છે તેને ખુબ જ ઉંચા ટેરિફ સાથે મળશે. આ ટિપ્પણીઓ સુપ્રીમ કોર્ટના ચુકાદા પછી આંતરરાષ્ટ્રીય કટોકટી આર્થિક સત્તા અધિનિયમ હેઠળ લાગુ કરાયેલા ટેરિફને હટાવી દે છે. જેના જવાબમાં ટ્રમ્પે કહ્યું કે, તેઓ 1974ના ટ્રેડ એક્ટની કલમ 122 હેઠળ 15 ટકા વૈશ્વિક ટેરિફ લાદશે.

યુરોપિયન બજારોમાં એફટીએસઇ 0.06 ટકા ઘટાડા સાથે ચાલી રહ્યા છે, જ્યારે કેક 0.01 ટકા અને ડેક્સ 0.02 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 0.86 ટકા, તાઇવાન 2.67 ટકા, કોસ્પી 2.07 ટકા, શાંઘાઇ 0.86 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા. જ્યારે જકાર્તા 1.39 ટકા, હોંગકોંગ 1.85 ટકા અને સ્ટ્રેઇટસ 0.41 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા.

ડોલરમાં ધીમો સુધારો આગળ વધ્યો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 24: કરન્સી બજારમાં ડોલરની સામે રૂપિયો નરમ બંધ રહ્યો હતો. ડોલરની સામે રૂપિયો 6 પૈસા વધીને 90.95ના સ્તરે બંધ રહ્યો હતો. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 90.89ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 107, પાઉન્ડ 122.90, કેનેડિયન ડોલર66.38, ઓસ્ટ્રેલિયન ડોલર 63.66, જાપાનીઝ યેન 0.5832 અને સીંગાપોર ડોલર 71.61ના સ્તરે બંધ રહ્યા હતા.

ફોરેક્સ બજાર

ડોલર	90.95 રૂ.
યુરો	107.00 રૂ.
પાઉન્ડ	122.90 રૂ.
યેન	0.5832 રૂ.

સેન્સેક્સ	-1068.74	82225.92
નિફ્ટી	-288.35	25424.65
બેન્ક નિફ્ટી	-216.95	61047.30

નિફ્ટી

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
એનટીપીસી	1.94	382.75
કોલ ઇન્ડિયા	1.16	430.95
જએએસડબલ્યુ સ્ટીલ	1.13	1254.50
હિન્દાલ્કો	0.73	922.85
એચયુએલ	0.56	2358.60

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ટેક મહિન્દ્રા	6.63	1345.40
એચસીએલ ટેકનો	6.10	1339.20
ઇટર્નલ	5.22	254.00
ઇન્ફોસીસ	3.92	1275.50
ટીસીએસ	3.83	2573.70

સેન્સેક્સ

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
એનટીપીસી	1.94	382.75
એચયુએલ	0.62	2359.30
ટાટા સ્ટીલ	0.53	209.15
પાવરગ્રીડ	0.49	304.85
ટાઇટન કંપની	0.24	4282.65

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ટેક મહિન્દ્રા	6.60	1346.55
એચસીએલ ટેકનો	6.10	1339.40
ઇટર્નલ	5.28	253.95
ઇન્ફોસીસ	3.91	1276.55
ટીસીએસ	3.79	2574.50

છેલ્લા એક વર્ષમાં 75 ભારતીય આઇટી કંપનીઓની માર્કેટ વેલ્યુમાં 100 બિલિયન ડોલરથી વધુનો ઘટાડો થયો

શ્રીલંકાના જીડીપી 98.96 અબજ ડોલર કરતાં વધુ ભારતીય આઇટી કંપનીની માર્કેટ કેપ ઘટી

મુંબઇ, તા. 24: આઇટીસેક્ટરના શેરોમાં હાલ ભારે દબાણ જોવા મળી રહ્યું છે. નિફ્ટી આઇટી ઇન્ડેક્સ આશરે 5 ટકા ઘટીને 30001.2 પર બંધ રહ્યો હતો. બ્રોકરેજ હાઉસ આને ત્રિમાસિક પરિણામોના નબળા પ્રતિસાદ તરીકે જોતા નથી. વાસ્તવિક ચિંતા એ છે કે એઆઇ આગામી વર્ષોમાં વ્યવસાયિક મોડેલો, માર્જિન અને સમગ્ર અર્થતંત્રને કેવી રીતે બદલી શકે છે.

જેફરીઝે મોટી આઇટી કંપનીઓ પર સાવચેતીભર્યું વલણ અપનાવ્યું છે અને સીએલએસએએ હાર્ડવેર ખર્ચમાં વધારાના જોખમની ચેતવણી આપી છે, ત્યારે જેપી મોર્ગન કહે છે કે આઇટી સેવાઓની માંગ એટલી સરળતાથી નબળી પડશે નહીં.

છેલ્લા એક વર્ષમાં 75 ભારતીય આઇટી કંપનીઓની કુલ માર્કેટ વેલ્યૂમાં 100 બિલિયન ડોલરથી વધુનો ઘટાડો થયો છે. આઇએમએફના જણાવ્યા અનુસાર, વેનેઝુએલાની 2026 જીડીપી 79.92 અબજ ડોલર હોવાનો અંદાજ છે. દરમિયાન, 2024 માટે શ્રીલંકાનો જીડીપી 98.96 અબજ ડોલર હતો.

75 લિસ્ટેડ કંપનીઓનું કુલ માર્કેટ કેપ 30,32,473 કરોડ રૂપિયા હતું. 24મી ફેબ્રુઆરી 2025ના રોજ આ જ આંકડો 38,93,309 કરોડ રૂપિયા હતો, એટલે કે એક વર્ષમાં 8,60,836 કરોડ રૂપિયાનો ઘટાડો થયો છે. જેમાં આજના ઘટાડાને ઉમેરો તો કુલ ઘટાડો લગભગ 9,44,836 કરોડ રૂપિયા અથવા લગભગ 104 અબજ ડોલર થાય છે.

ટ્રિની રિસર્ચનો રિપોર્ટ - ધ 2028 ગ્લોબલ ઇન્ટેલિજન્સ ક્રાઇસિસ સામે આવ્યો ત્યારે ટેક સેક્ટરમાં અનિશ્ચિતતા વધુ વધી હતી. તેમાં, એઆઇને સંભવિત ટ્રિગર તરીકે વર્ણવવામાં આવ્યું છે, જે ફક્ત ટેક સેક્ટરની વાર્તા જ નહીં, સમગ્ર વૈશ્વિક સિસ્ટમને અસર કરે છે.

સિટ્રિની રિસર્ચે પણ જૂની ધારણા પર સવાલ ઉઠાવ્યા છે. સામાન્ય રીતે એવું કહેવામાં આવે છે કે ટેક્નોલોજી પહેલા નોકરીઓને દૂર કરે છે, પરંતુ પછીથી વધુ નવી નોકરીઓનું સર્જન પણ કરે છે.

જેફરીઝના જણાવ્યા અનુસાર, એપ્લિકેશન મેનેજ્ડ સેવાઓ ઘણી કંપનીઓની આવકમાં 22થી 45 ટકા હિસ્સો ધરાવે છે. જો એઆઇ આ કાર્યના મોટા ભાગને સ્વચાલિત કરે છે, તો આ સેગમેન્ટમાં આવક ઘટી શકે છે.

બ્રોકરેજ કહે છે કે તાજેતરના ત્રિમાસિક પરિણામો પછી કમાણીના અંદાજમાં ચોક્કસપણે વધારો થયો છે, પરંતુ એઆઇ સંબંધિત નવા ફેરફારોએ મધ્યમ અને લાંબા ગાળાની વૃદ્ધિ વિશે ચિંતા ઉભી કરી છે. તેમના જણાવ્યા અનુસાર, શેરોની હિલચાલ હવે માત્ર ત્રિમાસિક પરિણામો દ્વારા જ નહીં, પરંતુ લાંબા ગાળાના વ્યવસાયિક દૃષ્ટિકોણ દ્વારા નક્કી કરવામાં આવશે.

વેલ્યુએશન અંગે જેફરીઝે જણાવ્યું હતું કે પાછલા દાયકાની જેમ આવક વૃદ્ધિ જાળવી રાખવી એ શ્રેષ્ઠ દૃશ્ય હશે. જો આવું નહીં થાય તો શેરોમાં વધુ 30થી 65 ટકાનો ઘટાડો થઇ શકે છે. રિપોર્ટમાં એ પણ ધ્યાન દોરવામાં આવ્યું છે કે કેટલીક કંપનીઓ એક્સેન્ચરની તુલનામાં 32 ટકા પીઇ પ્રીમિયમ પર ટ્રેડ કરી રહી છે, જ્યારે વૃદ્ધિ સમાન છે.

સીએલએસએનું કહેવું છે કે મેમરીના ભાવમાં વધારાને કારણે સ્માર્ટફોનની સરેરાશ વેચાણ કિંમતમાં 10થી 25 ટકાનો વધારો થઇ શકે છે. આની સૌથી વધુ અસર નીચલા સ્તરના ગ્રાહકો પર પડશે અને સ્માર્ટફોનનું વેચાણ ઘટી શકે છે.

2008 બાદ આઇટી શેરોમાં સૌથી મોટો ક્રેશ જોવાયો

ફેબ્રુઆરી મહિનો આઇટી કંપનીઓના શેર માટે ખૂબ જ ખરાબ લાગે છે. નિફ્ટી આઇટી ઇન્ડેક્સ આ મહિને અત્યાર સુધીમાં 20 ટકાથી વધુ ઘટ્યો છે અને મહિનાના અંતમાં હજી થોડા દિવસો બાકી છે. આ ઘટાડો સપ્ટેમ્બર 2008 પછીનો સૌથી મોટો માસિક ઘટાડો લાગે છે. સપ્ટેમ્બર 2008 એ જ સમય હતો જ્યારે વૈશ્વિક નાણાકીય કટોકટી શરૂ થઇ હતી. વર્ષની શરૂઆતથી, ઇન્ડેક્સના તમામ 10 શેરો 10 ટકાથી વધુ ઘટ્યા છે. જેમાંથી 6 શેરોમાં માત્ર બે મહિનામાં 20 ટકાથી વધુનો ઘટાડો થયો છે. આ વર્ષે નિફ્ટી આઇટી ઇન્ડેક્સમાં સૌથી ખરાબ પ્રદર્શન કરનાર શેર કોફોર્જ છે. વર્ષના પ્રથમ બે મહિનામાં, શેર લગભગ 25 ટકા ઘટ્યો છે. 2022 પછીનું આ તેનું સૌથી ખરાબ વર્ષ લાગે છે. 2022માં, શેરમાં 35 ટકાનો ઘટાડો થયો હતો. જોકે, આ સ્ટોકને આવરી લેતા 38 માંથી 29 વિશ્લેષકો હજી પણ ખરીદવાની ભલામણ કરી રહ્યા છે. તેમનું માનવું છે કે તે વર્તમાન સ્તરથી લગભગ 51 ટકા વધી શકે છે.

2026ના એસએમઇ આઇપીઓમાં રોકાણકારોને મોટું નુકશાન થયું

2026માં 27માંથી 15 આઇપીઓ ઇશ્યૂ પ્રાઇઝથી નીચે આવી ગયા

મુંબઇ, તા. 24: એસએમઇ આઇપીઓમાં રોકાણકારોને ભારે નુકસાન થયું છે. આ વર્ષે અત્યાર સુધીમાં 27 એસએમઇ આઇપીઓ લિસ્ટ કરવામાં આવ્યા છે, જેમાંથી અડધાથી વધુ ઇશ્યૂ પ્રાઇસથી નીચે ટ્રેડ કરી રહ્યા છે. આ વર્ષે સૂચિબદ્ધ એસએમઇ આઇપીઓના પ્રદર્શનને જોતા, 27માંથી 15 આઇપીઓ ઇશ્યૂ પ્રાઇસથી નીચે છે. 5 શેરો ઇશ્યૂ પ્રાઇસથી 50 ટકા નીચે છે. એરિટાસ વિનાઇલ 23 જાન્યુઆરીએ 47 રૂપિયામાં સૂચિબદ્ધ કરવામાં આવી હતી. આ શેર તેના ઇશ્યૂ પ્રાઇસથી 70 ટકા નીચે ટ્રેડ કરી રહ્યો છે. એ જ રીતે 14 જાન્યુઆરીએ યજુર ફાઇબર્સ લિસ્ટ કરવામાં આવ્યા હતા. આ શેર 132 રૂપિયામાં જારી કરવામાં આવ્યો હતો. તે હાલમાં તેના ઇશ્યૂ પ્રાઇસથી 67 ટકા નીચે ટ્રેડ કરી રહ્યો છે. વિક્ટરી ઇલેક્ટ્રિક વ્હીકલ 14 જાન્યુઆરીએ 41 રૂપિયામાં સૂચિબદ્ધ કરવામાં આવ્યું હતું. આ શેર તેના ઇશ્યૂ પ્રાઇસથી 55 ટકા નીચે ટ્રેડ કરી રહ્યો છે. આર્મર સિક્યોરિટી ઇન્ડિયા 22 જાન્યુઆરીએ રૂપિયામાં સૂચિબદ્ધ હતી. આ શેર તેના ઇશ્યૂ પ્રાઇસથી 55 ટકા નીચે ટ્રેડ કરી રહ્યો છે. કનિષ્ક એલ્યુમિનિયમ 04 જાન્યુઆરીએ 73 રૂપિયામાં સૂચિબદ્ધ હતું. આ શેર તેના ઇશ્યૂ પ્રાઇસથી 42 ટકા નીચે ટ્રેડ કરી રહ્યો છે. નબળા સબ્સ્ક્રિપ્શન, હાઇ વેલ્યુએશન, નબળા ફંડામેન્ટલ્સ અને માર્કેટની વોલેટિલિટીને કારણે ઘણા શેરોમાં લિસ્ટિંગ બાદ તીવ્ર ઘટાડો થયો છે, જેના કારણે રિટેલ રોકાણકારોને નુકસાન થયું છે. હાલમાં, એસએમઇ આઇપીઓમાં જોખમ ઘણું વધારે છે. રોકાણ કરતા પહેલા સારૂં સંશોધન કરો. કંપનીના ફંડામેન્ટલ્સ પર નજર નાખો અને જોખમ લેવા માટે તમે પોસાય તેટલા જ નાણાંનું રોકાણ કરો. સેબીએ એસએમઇ આઇપીઓ માર્કેટને નિયંત્રિત કરવા માટે જુલાઇ 2024માં ધિરાણ દિવસના લાભ પર 90 ટકાની કેપ લાદી હતી.

ભારતના જીડીપીને માપવાની રીત બદલાઇ જશે, નવું આધાર વર્ષ 2022-23 હશે

જીડીપીની ગણતરી માટે નવી અને વધુ સચોટ સીસ્ટમ તથા ડેટાની વિશ્વસનીયતા રજૂ કરવાની તૈયારીમાં છે, 27મીએ જાહેર કરશે

નવી દિલ્હી, તા. 24: મોંઘવારી પછી હવે ભારતીય અર્થતંત્રની વાસ્તવિક વૃદ્ધિ એટલે કે વાસ્તવિક જીડીપીને માપવાની રીતમાં એક મોટું પરિવર્તન આવવાનું છે. સરકાર આ અઠવાડિયે જીડીપીની ગણતરી માટે નવી અને વધુ સચોટ સિસ્ટમ રજૂ કરવાની તૈયારીમાં છે, જે ડેટાની વિશ્વસનીયતામાં વધુ વધારો કરશે.

આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલયના સચિવ સૌરભ ગર્ગે જણાવ્યું હતું કે અર્થતંત્રનું વાસ્તવિક ચિત્ર રજૂ કરવા માટે, હવે ગ્રાહક ભાવ સૂચકાંક (સીપીઆઈ) અને જૂના જથ્થાબંધ ભાવ સૂચકાંક (ડબલ્યુપીઆઈ) માંથી લગભગ 500થી 600 વસ્તુઓનો ઉપયોગ કરવામાં આવશે. અગાઉ, ફુગાવાની અસરને ઘટાડવા અને વાસ્તવિક જીડીપી કાઢવા માટે માત્ર 180 વસ્તુઓનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

અર્થશાસ્ત્રીઓ લાંબા સમયથી ચિંતા વ્યક્ત કરી રહ્યા છે કે જીડીપીને માપવાની જૂની રીત જૂની થઇ ગઇ છે કારણ કે તે સામાન્ય લોકો સાથે જોડાયેલા કન્જ્યુમર પ્રાઇસ ઇન્ડેક્સ (સીપીઆઈ) ને બદલે જથ્થાબંધ ફુગાવો (ડબ્લ્યુપીઆઈ) પર વધુ આધાર રાખે છે.

ગયા વર્ષે નવેમ્બરમાં આઇએમએફે પણ ભારતની જીડીપી ગણતરી પ્રણાલીની નબળાઇઓ પર સવાલો ઉઠાવ્યા હતા. વર્ષ 2011-12ના જૂના આધાર વર્ષ અને 'સિંગલ ડિફ્લેશન' પદ્ધતિના વધતા ઉપયોગને કારણે આઇએમએફએ આ માળખાને 'સી' રેટિંગ આપ્યું હતું. જૂની રીતે, જ્યારે જથ્થાબંધ ફુગાવો ઓછો હતો, ત્યારે વાસ્તવિક વૃદ્ધિ દર વાસ્તવિકતા કરતાં ઊંચો લાગતો હતો.

સૌરભ ગર્ગના જણાવ્યા અનુસાર, આનાથી ડેટાની ચોકસાઈમાં ધરખમ સુધારો થશે, ખાસ કરીને મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં, જે જૂની સિસ્ટમમાં ઇનપુટ અને આઉટપુટના ભાવમાં તફાવતને કારણે સચોટ ન હતો. સરકાર 27 ફેબ્રુઆરીએ 2022-23ના નવા આધાર વર્ષ સાથે જીડીપીની નવી શ્રેણી જાહેર કરશે. તેની સાથે જ પાછલા ચાર વર્ષના પાછલા સિરીઝના ડેટા પણ બહાર પાડવામાં આવશે, જેથી જૂની અને નવી વૃદ્ધિનો તુલનાત્મક અભ્યાસ થઈ શકે. જૂનાધોરણો અનુસાર, વિશ્વની સૌથી ઝડપથી વિકસતી મોટી અર્થવ્યવસ્થાઓમાંની એક ભારત, 2024-25માં 6.5 ટકાના વૃદ્ધિ દરની સરખામણીમાં 2025-26માં 7.4 ટકાના દરે વૃદ્ધિ પામવાનો અંદાજ છે. વર્તમાન બજાર કિંમતે નજીવી જીડીપીમાં ચાલુ વર્ષમાં 8 ટકાના દરે વૃદ્ધિ થવાનું અનુમાન છે.

નાણાકીય કંપનીઓ વિચાર્યા વિના જોખમ લઇ રહી છે, 2008 જેવી કટોકટીના સંકેતો બતાવી રહી છેઃ જેપી મોર્ગન

કેટલીક કંપનીઓ વ્યાજની પાછળ દોડી રહી છે, જે ઘણું જોખમી સાબિત બની શકે

નવી દિલ્હી, તા. 24: ડિમોને યુએસ અર્થતંત્ર અંગે પણ ચિંતા વ્યક્ત કરી હતી. એસેટના વધેલા ભાવો અને બેન્કિંગમાં તીવ્ર સ્પર્ધા તરફ ધ્યાન દોરતા તેમણે કહ્યું કે આ પરિસ્થિતિઓ 2008 પહેલાના યુગ જેવી જ છે.

જેપી મોર્ગન ચેઝના સીઇઓ જેમી ડિમોને ચેતવણી આપી હતી કે કેટલીક નાણાકીય કંપનીઓ નફો વધારવા માટે ખોટા નિર્ણયો કરી રહી છે. તેમણે તેની સરખામણી 2008ની વૈશ્વિક નાણાકીય કટોકટી પહેલાના વર્ષો સાથે કરી હતી.

સોફ્ટવેર શેરોમાં તીવ્ર વૈશ્વિક વેચાણ વચ્ચે તેમણે આ વાત કહી હતી. કૃત્રિમ બુદ્ધિ પરંપરાગત વ્યવસાયિક મોડેલોને વિક્ષેપિત કરી શકે છે તેવા ડરને કારણે સોફ્ટવેર શેરોમાં તીવ્ર ઘટાડો જોવા મળ્યો છે. સોમવારે આઇબીએમના શેરમાં 13.2 ટકાનો ઘટાડો થયો હતો. 2000 પછી આ સૌથી મોટો એક દિવસનો ઘટાડો હતો. એન્થ્રોપિકના ક્લાઉડ એઆઇ ટૂલ્સના અપડેટ્સથી રોકાણકારો બેચેન થઈ ગયા છે. એક સવાલના જવાબમાં ડિમોને કહ્યું કે હાલનું વાતાવરણ તેમને 2008ના સંકટ પહેલાના ત્રણ વર્ષની યાદ અપાવે છે. તે સમયે, એસેટના ભાવ આસમાને પહોંચી રહ્યા હતા અને સમગ્ર સિસ્ટમમાં લીવરેજ વધી રહ્યો હતો. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, આ સમયે પણ કેટલીક કંપનીઓ વ્યાજની પાછળ દોડી રહી છે, પછી ભલે તેમને ઘણું જોખમ લેવું પડે. જ્યારે દરેક વ્યક્તિ પૈસા કમાઇ રહી છે અને દરેક વ્યક્તિ ખુશ છે, ત્યારે તમે છેતરપિંડી અનુભવો છો, ડિમોને કોઇ ચોક્કસ પેઢીનું નામ લીધા વિના જણાવ્યું હતું. આ સારા વાતાવરણની વચ્ચે, જ્યારે હું દરેક વસ્તુ વિશે વિચારૂં છું, ત્યારે મને લાગે છે કે સાવચેત રહેવાની જરૂર છે. ડિમોને યુએસ અર્થતંત્ર અંગે પણ ચિંતા વ્યક્ત કરી હતી. એસેટના વધેલા ભાવ અને બેન્કિંગમાં તીવ્ર સ્પર્ધા તરફ ધ્યાન દોરતા તેમણે કહ્યું કે આ પરિસ્થિતિઓ 2008 પહેલાના યુગ જેવી જ છે. તેમ છતાં કેટલાક અર્થશાસ્ત્રીઓ અપેક્ષા રાખે છે કે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની ટેક્સ અને ડિરેગ્યુલેશન નીતિઓ વૃદ્ધિને ટેકો આપશે.

સુડોકુ - ૬૨૬૫

૨	૪		૭					૩
				૬		૪	૯	
૧		૯	૩	૪				
૯	૫			૨		૬	૮	
		૩	૫	૭	૬		૪	૯
			૯			૩	૨	
૬	૯	૨	૪				૧	૮
૪			૬	૫	૮			૨
	૩	૮			૯			૪

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

૨	૬	૭	૯	૮	૯	૭	૬	૩
૯	૬	૯	૭	૩	૫	૪	૨	૧
૭	૩	૫	૧	૨	૪	૬	૯	૮
૬	૯	૨	૪	૭	૩	૧	૮	૫
૪	૭	૩	૬	૯	૧	૨	૫	૭
૩	૧	૮	૫	૬	૨	૯	૭	૪
૧	૯	૨	૮	૫	૭	૩	૪	૬
૮	૫	૪	૨	૧	૬	૭	૩	૯
૫	૪	૬	૩	૭	૮	૫	૧	૨

સુડોકુ ૬૨૬૬

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રયોમંદ પરબીઆ

દમ, શ્વાસ

શ્વાસ કુઠાર રસની બે થી ત્રણ ગોળી, નાગરવેલ ના પાન સાથે દિવસ મા ત્રણ વાર લેવી.

બહેડાં ફળની છાલ નો ટુકડો મોંમાં રાખી મમળાઓ.

શબ્દગુંફન - ૭૧૭૬

અરવિંદ એસ. મારૂ



આડી ચાવી
૧. પ્રણામ, નમસ્કાર (૩)
૩. જામીન તરીકેનું (૨)
૭. જૂઠની ટેવવાળું (૩)
૮.બંધ કરવું કે બીડવું તે (૩)
૯.આશય,હેતુ(૪)
૧૧. સૂર્ય (૩)
૧૨.પાણી,જળ(૨)
૧૩. દાન આપનાર (૨)
૧૪. પૃથ્વી, ધરતી (૨)
૧૫. પહેલવાન (૨)
૧૬. શંકર, મહાદેવ (૨)
૧૮. જિંદગી, જન્મારો ૯૩)
૧૯. હશે, છો ને (૨)
૨૦. પરંતુ, પ્રતિજ્ઞા (૨)
૨૧. છોડ૯૨)
૨૨. રહેઠાણ (૩)
૨૩. દોસ્ત, સખા (૨)
૨૪. ચેતતો...સદા સુખી (૨)
૨૫. કથા, કહાણી (૩)
૨૭. ગાનારો, ગવૈયો (૩)
૨૮. નાણું (૨)
૨૯. મોજુદ (૩)
૩૦. મનોહર, કોમળ (૩)
૩૧. કિંમત, મૂલ્ય (૨)

ઊભી ચાવી
૨. પ્રિય, વહાલું (૩)
૩. સંત કે વૃદ્ધને કરાતું સંબોધન (૨)
૪. વિઘ્ન, હરકત (૪)
૫. જમીન માલિક (૫)
૬. જન્મ આપનાર પિતા (૩)
૭. હોઠ (૨)
૯. મદથી આંધળું બનેલું ૯૩)
૧૦. વેલ (૨)
૧૨. આસમાની (૨)
૧૫. સાચા મનનું (૪)
૧૬. દરેક, પ્રત્યેક (૨)
૧૭. ઉપકાર (૨)
૧૯. લશ્કરી વહાણ (૪)
૨૦. કાગળ (૨)
૨૧. ગુજરાન માટે કરવાનો કામ ધંધો (૪)
૨૩. પોષણ માટે જોઇએ તેટલો ખોરાક (૪)
૨૪. અનુકરણ (૩)
૨૬. શબ્દ, બોલ(૩)
૨૮. ...લખવાનું કે (૨)

૩૭૧૭ - ૨૬૬૬ મફેલિકાર

આજનું પંચાંગ

તા. 25/02/2026, બુધવાર

વિક્રમ સંવત : 2082 **શાકે :** 1947
વીર સંવત : 2552 **માસ :** ફાગણ
તિથિઃ સુદઃ નવ:26:42, શ્રી હરિ જયંતી
અયન : ઉત્તરાયન **ઋતુ :** વસંત
રાષ્ટ્રિય દિનાંક : ફાગણઃ 06
નક્ષત્ર : રોહિણીઃ 13:40
યોગ : વિષ્કુંભ **કરણઃ** બાવલ
રાશિઃ વૃષભ (બ.વ.ઉ.) 24:56 પછી મિથુન (ક.છ.ઘ.) **દિવસ :** અશુભ
સુરતમાં સૂર્યોદય : 07:04 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:40
નવકારસી : 07:52
પારસી વર્ષ : 1395 મહેર માસનો 15મોરોજ
મુસલમાન વર્ષ : 1447, રમજાન માસનો 07મો રોજ
દિવસનાં ચોઘડિયાંઃ લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ
રાત્રિનાં ચોઘડિયાંઃ ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ
રાહુ કાળઃ બપોરે : 12:00 થી 13:30 સુધી

મેષ (અ,લ,ઇ,): ઘરનાં કામ પાર પડે. અટવાયેલાં કામમાં કુટુંબની મદદ મળે. આવક વધશે.

વૃષભ (બ,વ,ઉ,): આર્થિક, પારિવારિક અને સંતાન તથા નોકરી-ધંધાની સમસ્યા સતાવે. શુ